ધા.શ્રી. જયરામભાઈ ગામીત

૧૧

**પ્રશ્ન : ૧૫માં નાણાપંચની માર્ગદર્શીકા મુજબ અનટાઈન્ડ ગ્રાંટ તેમજ ટાઈડ ગ્રાંટમાંથી કયા પ્રકારના કામો હાથ ધરી શકાય?**

---

**જવાબ :**

**(A) ૧૫મા નાણાપંચ અંતર્ગત મળનાર અનટાઈડ ગ્રાંટમાંથી નીચે મુજબના કામો હાથ ધરી શકાય છે**

૧. સ્ટોર્મ વોટર ડ્રેનેજ

૨. આંતરીક પાકા રસ્તા

૩. ગામના મુખ્ય માર્ગ ઉપર ફુટપાથ

૪. હાટ બજાર

૫. આંગણવાડી કેન્દ્રોમાં ખુટતી સુવિધા

૬. ગુજરાત પંચાયત સેવા અધિનિયમ અનુસુચિ– ૧,૨ અને ૩ માં ઠરાવેલ ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતના કાર્યો અને ફરજો અદા કરવા માટે ઉભી કરવાની થતી સામુહિક સુવિધાઓ.

૭. મનરેગા યોજનાના કન્વર્ઝન્સના મિકલતોના ટકાઉપણાંમાં વધારો માટે

૮. ઈ–ગ્રામની સુવિધામાં વધારો કરવો

૯. વિજળીકરણના કામો (એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ)

૧૦. કોમ્યુનીટી એસેટના કામો તથા કોમ્યુનીટી એસેટની જાળવણી

૧૧. કબ્રસ્તાન/સ્મશાનગૃહના કામો

**(B) ૧૫મા નાણાપંચ અંતર્ગત મળનાર ટાઈડ ગ્રાંટમાંથી નીચે મુજબના કામો હાથ ધરી શકાય છે.**

૧. સેનિટેશન (ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા) અને ખુલ્લામાં શૌચ મુક્તિની જાળવણી માટેના કામો

- સોલીડ તથા લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ (કચરાના નિકાલ માટેના સાધનો વસાવવા, ડમ્પીંગ સાઈટ બનાવવા તથા ઘન/પ્રવાહી કચરાના વર્ગીકરણ માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવા)
- ગટરના કામો
- સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો

૨. પીવાનું પાણી પુરુ પાડવુ, વરસાદી પાણીના સંગ્રહ તેમજ પાણીના શુધ્ધિકરણ જેવી પાયાની સેવાઓ માટેના કામો

- બે કરતાં વધુ ગામોના જૂથ માટે પીવાના પાણીના પુરવઠાનો પ્રબંધ કરવા તથા જાળવણી કરવા, ફળિયાઓને જુથ પાણી પુરવઠા સાથે જોડાણ માટેની કામગીરી
- અનેક ગામો/ગ્રામ પંચાયત માટે હાલના જળ સંસાધનોને પૂરક બનાવતા મોટા ચેકડેમ
- જળ શુધ્ધિકરણ પ્લાન્ટ
- પમ્પીંગ સ્ટેશનની ક્ષમતા વધારો કરવાના કામો
- વોટર ATM
- સોલર આર.ઓ.
- પ્રાથમિક શાળા, આંગણવાડી કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પીવાના પાણી સુવિધા તેમજ આર.ઓ. ફિલ્ટરેશન સિસ્ટમ
- બલ્ક વોટર ડીસ્ટ્રીબ્યુશન કે ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક મજબૂત બનાવવાના કામો
- વોટર ક્વોલીટી લેબ તથા એન.એ.બી.એલ. એક્રીડીએશનની પ્રક્રિયાના કામો

ઘા.મી. મોહનભાઈ કોંકણી

2

52

**પ્રશ્ન : ૧૫ માં નાણાંપંચ અંતર્ગત પારદર્શીતા જાળવવા માટે શું કામગીરી કરવામાં આવે છે ?**

---

**જવાબ :**

- ૧૫ માં નાણાંપંચ અંતર્ગત આયોજન, ખર્ચ તેમજ ચુક્યણાંની સઘળી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શીતાથી ઈ–ગ્રામ સ્વરાજ પોર્ટલના માધ્યમથી કરવામાં આવે છે.
- તમામ ચૂકવણાં ડીઝીટલ સીગ્નેચરના માધ્યમથી ચેકર અને મેકર દવારા ઓનલાઈન કરવામાં આવે છે
- કામોના તમામ આયોજન ઈ–ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર સૌ પ્રથમ મંજુર થયા બાદ જ હાથ ધરી શકાય છે.
- દરેક કામો માટે અક્ષાંસ – રેખાંશ આધારિત કામ શરૂ કરતા પહેલા, કામ પ્રગતિ હેઠળ હોય ત્યારે અને કામ પૂર્ણ થયા બાદ અમે ત્રણ તબક્કાના ફોટોગ્રાફ્સ લઈ ઈ–ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવે છે.
- તમામ વેપારીઓના ઈ–ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર ઓન લાઈન રજીસ્ટ્રેશન થયા બાદ જ તેઓને ચુકવણું કરવામાં આવે છે.
- ચેક, ડીમાન્ડ ડ્રાફ્ટ, આર.ટી.જી.એસ., એન.ઈ.એફ.ટી. વિગેરે જેવા પારંપરિક માધ્યમોથી ચુકવી કરવામાં આવતા નથી. ચૂકવાની આ પદ્ધતિઓ બંધ કરી તમામ ચુકવા ઈ–મામ સ્વરાજ પોર્ટલના માધ્યમથી ઓનલાઈન કરવામાં આવે છે.

**પ્રશ્ન : ગ્રામ પંચાયત કક્ષાએ કોઈપણ કામ કરવા માટે પ્રથમથી છેલ્લે સુધીની પદ્ધતિ શુ છે?**

---

**જવાબ :**

❖ ગ્રામ પંચાયતે દર વર્ષે હાથ ધરવાના થતા કામોનું આયોજન પોતાની સામાન્ય સભામાં મંજુર કરાવી તેની ઈ–ગ્રામસ્વરાજ પોર્ટલ પર ડેટા એંટ્રી કરવાની રહેશે.

❖ આયોજનમાં મંજુર થયેલ કામો પૈકીના કામ શરૂ કરતા પૂર્વે સક્ષમસત્તાધિકારી પાસેથી તાંત્રિક તેમજ વહીવટી મંજુરી મેળવવાની રહેશે.

❖ તાંત્રિક અને વહીવટી મંજુરી મળ્યા બાદ હાથ ધરનાર કામને સંબંધિત વિગતો જેવી કે કામનું નામ, કઈ ગ્રાંટમાંથી લેવાનું છે તે, કામની તાંત્રિક મંજુરી પ્રમાણે ખર્ચની રકમ, તાંત્રિક અને વહીવટી મંજુરીની વિગતો વિગેરે વિગેરે જેવી એકટીવીટી ઈ–ગ્રામસ્વરાજ પોર્ટલ પર એડ કરવાની રહેશે.

❖ કામનું, કામ શરૂ કરતા પહેલા, કામ પ્રગતિમાં હોય ત્યારે અને કામ પૂર્ણ થયા બાદ એમ ત્રણ તબક્કામાં GEO TAGGING કરવું પડે છે.

❖ ત્યાર બાદ છેલ્લે જે એજન્સી કે પેઢીને રકમ ચુકવવાની હોય તેને ઈ–ગ્રામ સ્વરાજ પોર્ટલ પર વેન્ડર તરીકે નોંધણી કરવાની રહે છે.

## પ્રશ્ન : ૧૫ માં નાણાં પંચ અંતર્ગત તાપી જીલ્લાને ફાળવેલ ગ્રાન્ટ

**જવાબ:**

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાપી જિલ્લાના ઉચ્છલ અને નિઝર તાલુકામાં તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી | ➢ નાણાકીય વર્ષ ૨૦૨૨ - ૨૩માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત ઉચ્છલને કુલ ૧૩૦.૩૩ લાખ તથા ઉચ્છલ તાલુકાની ગ્રામ પંચાયતોને કુલ ૪૫૬.૧૪ લાખ ગ્રાંટ ફાળવવામાં આવી.<br>➢ નાણાકીય વર્ષ ૨૦૨૨ - ૨૩માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત નિઝરને કુલ ૨૦૩.૬૦ લાખ તથા નિઝર તાલુકાની ગ્રામ પંચાયતોને કુલ ૭૧૨.૬૧ લાખ ગ્રાંટ ફાળવવામાં આવી. |
| ૨ | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતીએ ઉક્ત ગ્રાન્ટમાંથી કેટલા કામ પુર્ણ કરવામાં આવ્યા અને | ➢ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત ગ્રાંટમાંથી ઉચ્છલ તાલુકા પંચાયતના તાલુકા કક્ષાના ૧૪ કામો અને ગ્રામ્ય કક્ષાના ૧૫૬ મળી કુલ ૧૭૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા.<br>➢ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત ગ્રાંટમાંથી નિઝર તાલુકા પંચાયતના તાલુકા કક્ષાના ૦(શૂન્ય) કામો અને ગ્રામ્ય કક્ષાના ૮૯ કામો મળી કુલ ૮૯ કામો પૂર્ણ કરવામાં આવ્યા. |
| 3 | ઉક્ત પુર્ણ કામ સામે કેટલો ખર્ચ થયેલ છે? | ➢ ઉક્ત પૂર્ણ કામ સામે ઉચ્છલ તાલુકા પંચાયતના તાલુકા કક્ષાના ૩૬.૬૫ લાખ તથા ગ્રામ્ય કક્ષાનો ૨૭૨.૭૫ લાખ ખર્ચ થયેલ છે.<br>➢ ઉક્ત પૂર્ણ કામ સામે નિઝર તાલુકા પંચાયતના તાલુકા કક્ષાનો શૂન્ય તથા ગ્રામ્ય કક્ષાનો ૨૦૭.૯૯ લાખ ખર્ચ થયેલ છે. |